# સાયન્સ સૅન્ટર ન્યુઝ લેટર

સાયન્સ સૅન્ટર

વૉલ્યુમ ૧, ઇશ્યુ ૬

ઓકટોબર ૨૦૧૫
અંક - ૬

**પ્રકાશક**
મિલિન્દ તોરવણે
આઈ.એ.એસ.
મ્યુનિસિપલ કમિશ્નર

**સંપાદક**
સી. વાય. ભટ્ટ
ડે. મ્યુનિસિપલ કમિશ્નર

**સહ સંપાદક**
ભામિની મહિડા
ચીફ કયુરેટર

દિવ્યેશ ગામેતી
કયુરેટર (સાયન્સ)

**સંયોજક**
ડૉ. પૃથુલ દેસાઈ
પ્રિન્સીપાલ
પી.ટી.સાયન્સ કૉલેજ

## વિજ્ઞાનમાં નવીન ખોજ

### નાસાના વૈજ્ઞાનિકોને મંગળ ગ્રહ પર વહેતા પાણીના પુરાવા મળ્યા

નાસાના વૈજ્ઞાનિકોએ કયુરીયોસીટી રોવરના ફોટોગ્રાફ પર સંશોધન કર્યુ ત્યારે તેઓને મંગળ ગ્રહ પર પાણીના અસ્તિત્વ અંગેની નિશાનીઓ મળી આવી છે. આ તસ્વીરોમાં પર્વત અને સીધી ચઢાણના ખડકો અને ખીણોમાં પાણી વહેતુ હોવાનું દેખાય છે. પ્રવાહી પાણીની ખડકો ની ટોચથી નીચે ઉતરતુ જણાય છે. વૈજ્ઞાનિકોના મતે આ ખોજ કોઈક પ્રકાર જીવન પાંગરતુંહોવા તરફ અંગુલી નિર્દેશ કરે છે. વૈજ્ઞાનિકોના મત મુજબ ખડકોની ટોચ પર દેખાતા ધબ્બા મંગળ પર જીવન હોવા તરફ ઈશારો કરે છે. સંશોધનકારોએ મંગળ પર પાણી કયાંથી આવ્યું તે બાબત પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. કદાચ મંગળની સપાટીની નીચેના છિદ્રાળુ ખડકોમાં થીજેલુ પાણી ઊનાળાના સમયમાં પીગળીને સપાટી પરથી નીચે આવતુ હોય શકે. બીજી શકયતા એ છે કે મંગળની સપાટીની નીચે આવેલા મીઠુ ધરાવતા ખડકોમાંથી પાણી નીકળી શકે છે, પરતું આ બાબત પણ પર્વતની ટોચ પરથી વહેતા પાણીની ઘટનાનું કારણ જણાવી શકતી નથી. વૈજ્ઞાનિક મેકઈવન મુજબ ત્રીજી શકયતા એ હોઈ શકે કે મંગળની સપાટી વાતાવરણમાંથી એટલુ પાણી શોષી લેતુ હોય જેથી તે પર્વતની ટોચ પરથી વહી શકે. આ પ્રક્રિયાને ડેલીકવીનસીન્સ કહે છે કે જે પૃથ્વી પર અટકામા રણમાં બનતી જોવા મળે છે જયાં આ પ્રકારની ભીની જગ્યાઓમા સૂક્ષ્મજીવો પાંગરે છે. નાસાના વૈજ્ઞાનિકો કદાચ મંગળ પર પાણી મળવાની બાબત માટે ઉજવણી કરી શકે છે પરંતુ તેઓની સામે એક ગંભીર પ્રશ્ન એ છે કે તેઓ મંગળ ગ્રહને સૂક્ષ્મ જીવોથી સંક્રમિત કર્યા વગર જીવનની નિશાનીઓ શોધે.



રોવર સ્ટરીલાઈઝડ ન હોવાને કારણે મંગળની ભીની સપાટી સૂક્ષ્મ જીવોથી સંક્રમિત થઈ શકે તેમ હોવાને કારણે યુરોપીન અને રશીયન સ્પેસ એજન્સીઓ દ્વારા ઈ.સ. ૨૦૧૮માં મંગળ ગ્રહ પર નવું રોવર મિશન મોકલવાનું વિચારણા હેઠળ છે. તેનો મુખ્ય હેતુ મંગળ ગ્રહની સપાટી પરથી ૨

## આ માસના વૈજ્ઞાનિક

### ડો. અબ્દુલ કલામ

ડો. અબ્દુલ કલામનો જન્મ દક્ષિણ ભારતના તમિલનાડુ રાજયમાંપ્રસિધ્ધ યાત્રાધામ રામેશ્વરમ્ ખાતે ઓકટોબર ૧૫, ૧૯૩૧ના રોજ થયો હતો. તેમનુંપૂરુંનામ અવુલ પકીર જૈનુલાબદ્દીન અબ્દુલ કલામ છે. ટુંકમાંતે એ. પી. જે. અબ્દુલ કલામ નામથી ઓળખાય છે.



અબ્દુલ, મદ્રાસ ઈન્સ્ટિટયુટ ટેક્નોલોજી (એમઆઈટી)માંદાખલ થયા. અહીંતેમણે વિમાન ઈજનેરી વિદ્યા એવિએશન એન્જિનિયરીંગનો કોર્સ પસંદ કર્યો. મદ્રાસમાંએમ.આઈ.ટીનો અભ્યાસ પુરો કરી તે હિન્દુસ્તાન એરોનેટિકસ લિ. બેંગાલુરૂમાંતાલીમાર્થી ટ્રેઈની તરીકે જોડાયા. તાલીમ પુરી થતાંતે વિમાન ઈજનેરી વિદ્યાના સ્નાતક તરીકે બહાર આવ્યા.

ઈ.સ.૧૯૬૨ના ઉત્તરાધમાં સરકારે કેરલમા થુમ્બા રોકેટ લોન્ચિંગન કેન્દ્ર સ્થાપવાનું નકકી કર્યુ. અબ્દુલ કલામને તેમની વૈજ્ઞાનિકોની ટીમ સહિત ૬ (છ) મહિના માટે નાસા અમેરિકા ખાતે રોકેટ એન્જિનિયરીંગની તાલીમ માટે મોકલવાનું નકકી થયું. ૬ (છ) માસની તાલીમ પછી અબ્દુલ કલામ અને તેમની ટીમ અમેરિકાથી ભારત પાછા આવ્યા. ભારતનું પ્રથમ રોકેટ 'નાઈક–એપેચી' નાસા તરફથી ભેટ મળ્યુંહતું. આ રોકેટને નવેમ્બર ૨૧,૧૯૬૩ના રોજ છોડવામાં આવ્યું. ત્યારબાદ તેઓએ 'રોહિણી' નામની એક રોકેટ શ્રેણીની ડિઝાઈન બનાવી અને તેને અંતરિક્ષમાં તરતો મુકવાનું કાર્ય શરૂ કર્યુ.

અબ્દુલ કલામે ઈસરોમાં સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SLV-3) પ્રોજેકટમાં નિર્દેશક તરીકે સુંદર અને સફળ કામગીરી બજાવી હતી. જુલાઈ ૧૮,૧૯૮૦ના રોજ ભારતીય ઉપગ્રહ લોન્ચ વ્હીકલ (SLV-3) સફળતાપૂર્વક છોડવામાંઆવ્યું. જાન્યુઆરી ૨૬,૧૯૮૧ના રોજ પ્રજાસત્તાક દિને અબ્દુલ કલામને રાષ્ટ્રપતિ એ 'પદ્મભૂષણ'નો એવોર્ડ એનાયત કર્યો.

સપ્ટેમ્બર ૧૬, ૧૯૮૫ના રોજ શ્રી હરિકોટા (SHAR)ની પરિક્ષણ રેન્જ ઉપરથી 'ત્રિશૂલ મિસાઈલ'ને

સફળતાપૂર્વક છોડયું. ફેબ્રુઆરી ૨૫, ૧૯૮૮ના રોજ સવારે ૧૧:૨૩ વાગે સહાર ખાતેથી સંપૂર્ણપણે સ્વદેશી 'પૃથ્વી મિસાઈલ'નુ સફળ પરિક્ષણ કરાયું. જાદવપુર યુનિવર્સિટી અને આઈ. આઈ. ટી. મુંબઈ એ પણ ડો.અબ્દુલ કલામને માનદ્ ડોકરેટની ડિગ્રથી નવાજયા. પ્રચાર માધ્યમોએ તેમને 'ભારતના મિસાઈલ મેન' તરીકે સંબોધવાનું શરૂ કર્યુ. તેમને ઈ.સ.૧૯૯૭માં 'ભારતરત્ન'નો સર્વોચ્ચ ઈલકાબ આપવામાં આવ્યો. આ એવોર્ડ મેળવનાર ડો.અબ્દુલ કલામ સૌથી નાની વયના વૈજ્ઞાનિક છે. તેમણે વર્ષ ૨૦૨૦ સુધીની ભાવિ યોજનાઓનો ખ્યાલ આપતું 'ઈન્ડિયા–૨૦૨૦' નામનું પુસ્તક પ્રકાશિત કર્યુ. જુલાઈ ૨૫, ૨૦૦૨ના રોજ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી બી. એન. કિરણપાલે તેમને ભારતના રાષ્ટ્રપતિ તરીકેના સોગંદ લેવડાવ્યા હતા. ડો. કલામ આપણા ભારતના ૧૧ (અગિયાર)મા રાષ્ટ્રપતિ બન્યા. સ્વતંત્ર ભારતમા પ્રક્ષેપાસ્ત્રો–મિસાઈલોના સર્જક તથા સાચા અર્થમાં ભારતના મહાન વૈજ્ઞાનિક અને આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામનું જુલાઈ ૨૭, ૨૦૧૫ના રોજ અવસાન થયુંહતું.

## સાયન્સ ફેકટ ઓકટોબર – ૨૦૧૫

| | |
|---|---|
| ૧. ઓકટોબર | વિશ્વ પારિસ્થિતિકીય દિવસ ( ઓકટોબર માસનો પ્રથમ સોમવાર) |
| ૩. ઓકટોબર ૧૮૦૩ | જહોન ગોરી ( રેફ્રીજરેટરમાં ઠંડી હવા ઉત્પન્ન કરવાની પ્રક્રિયાના શોધક) નો જન્મ. |
| ૪. ઓકટોબર | ઈ દિવસ, ઈલેકટ્રોનીક વેસ્ટ જાગૃતિ દિવસ. |
| ૪. ઓકટોબર ૧૮૩૨ | વિલિયમ ગ્રીગ્સ (ફોટો ક્રોમો લથોગ્રાફીનાં શોધક)નો જન્મ. |
| ૪. ઓકટોબર ૧૯૫૭ | સોવિયેત સંઘ દ્વારા પૃથ્વીનો પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ "સ્પુતનિક–૧" તરતો મૂકાયો. |
| ૫. ઓકટોબર | વિશ્વ શિક્ષક દિન (યુનેસ્કો દ્વારા) |
| ૫. ઓકટોબર ૧૮૬૪ | લુઈસ લુમિયેર (પ્રથમ ચલચિત્રનાં કેમેરાના શોધક ) નો જન્મ. |
| ૬. ઓકટોબર ૧૮૯૩ | મેઘનાદ સાહા (મહાન ભારતીય ખગોળ ભૌતિક શાસ્ત્રી) નો જન્મ. |
| ૮. ઓકટોબર ૧૯૧૭ | રોડની રોબર્ટ પોર્ટર (એન્ટીબોડીન ચોકકસ રાસાયણિક બંધારણન શોધક) નો જન્મ. |
| ૧૦. ઓકટોબર ૧૭૩૧ | હેન્રી કેવેન્ડિસ (હાઈડ્રોજન વાયુના શોધક) નો જન્મ. |
| ૧૨. ઓકટોબર ૧૮૬૦ | એલ્મર સ્પેરી (જાયરો કંપાસના શોધક) નો જન્મ. |
| ૧૯. ઓકટોબર ૧૭૮૩ | જીન ફ્રેન્કોઈસ પીલાટ્રે ડી રોઝિઅર દ્વારા સોપ્રથમ સમાનવ બલૂન ઉડ્ડયન કરવામાં આવ્યું |
| ૧૯. ઓકટોબર ૧૯૧૦ | સુબ્રમણ્યમ ચંદ્રશેખર(નોબલ પારિતોષિક વિજેતા ભારતીય ખગોળ ભૌતિકશાસ્ત્રી)નો જન્મ. |
| ૨૦. ઓકટોબર ૧૮૯૧ | જેમ્સ ચેડવીક (ન્યુટ્રોન કણનાં શોધક)નો જન્મ. |
| ૨૧. ઓકટોબર ૧૮૩૩ | આલ્ફ્રેડ નોબલ (ડાયનેમાઈટનાંડિટોનેટર અને નાઈટ્રોગ્લીસરીનના શોધક)નો જન્મ. |
| ૨૨ ઓકટોબર | વિશ્વ રોપણી દિવસ. |
| ૨૨ ઓકટોબર ૧૮૯૬ | ચાર્લ્સ ગ્લેમ કિંગ (વિટામીન–સી ના શોધક) નો જન્મ. |
| ૨૨ ઓકટોબર ૧૯૦૫ | કાર્લ જાનસ્કાય (બ્રહ્માંડ રેડીયો તરંગ ઉત્સર્જનના શોધક)નો જન્મ. |
| ૨૭ ઓકટોબર ૧૮૧૧ | આઈઝેક સીંગર (ઘર સિલાઈ મશીનનાં શોધક) નો જન્મ. |
| ૨૮ ઓકટોબર ૧૯૧૪ | જોનાસ સાલ્ક (પોલીયોની રસીનાં શોધક) નો જન્મ. |
| ૨૯ ઓકટોબર ૧૬૫૬ | એડમન્ડ હેલી (હેલીનાં ધૂમકેતુનાં શોધક) નો જન્મ. |
| ૩૦ ઓકટોબર | આંતરરાષ્ટ્રીય એર ટ્રાફિક કન્ટ્રોલર દિવસ. |

સાયન્સ ક્વિઝ જવાબ : (૧) અ (૨) બ (૩) ક (૪) અ (૫) ક (૬) અ

SCIENCE CENTRE SCS SURAT


**સમય**
મંગળવાર થી શુક્રવાર
સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦

શનિવાર, રવિવાર
તથા
જાહેર રજાના દિવસે
સવારે ૯.૩૦ થી સાંજે ૬.૩૦

**સરનામું**
સાયન્સ સેન્ટર સુરત
સિટીલાઈટ રોડ,
સુરત - ૩૯૫ ૦૦૭

**ફોન નં.**
૦૨૬૧ - ૨૨૫૫૯૪૭
+૯૧ ૯૭૨૭૭ ૪૦૮૦૭

**ફેક્ષ નં.**
૯૧-૨૬૧-૨૨૫૫૯૪૬

**ઈ–મેઈલ**
sciencecentre@suratmunicipal.org

**વેબ સાઈટ**
www.suratmunicipal.gov.in


सूरत महानगर पालिका
बहुजनहिताय बहुजनसुखाय

## ફન સાયન્સ ગેલેરી એકઝીબીટને ઓળખો

### હવાના દબાણનો અનુભવ કરો

તમારી આંગળી વડે વારાફરતી એક પછી એક દરેક કાચની ટ્યુબમાંરહેલ પાઈપને ઉંચકો. લાંબા પાઈપને ઉંચકવામાં તમારી આંગળી પર વધારે વજન લાગે છે કારણ કે લાંબા પાઈપમાં વધારે હવા હોવાથી વધારે દબાણ ઉત્પન્ન કરે છે.

વાતાવરણનું દબાણ દરિયાની સપાટીના લેવલ પર સૌથી વધારે હોય છે અને જેમ ઉંચાઈ વધે તેમ ઘટતું જાય છે. દરિયાની સપાટીએ વાતાવરણનું દબાણ એક ચોરસ સેન્ટીમીટર પર ૧.૦૧૩ kg જેટલુંહોય છે.




## વૈજ્ઞાનિક પ્રશ્ન

### હાર્ટ એટેક શાના કારણે આવે છે?

હદય(હાર્ટ)ના સ્નાયુઓનો પોષણ માટે ઓકિસજન યુકત લોહીનો સતત પુરવઠો જરૂરી છે. આ ઓકિસજનયુકત લોહીનો પ્રવાહ જયારે હદયના સ્નાયુઓના ભાગમાં અવરોધાય અને હદયને ઓકિસજન ન મળે ત્યારે હાર્ટ એટેક (હદય રોગનો હુમલો) ઉદભવે છે. મહત્તમ હાર્ટ એટેક કોરોનરી હાર્ટ ડીસીઝ (SHD) એ એવો રોગ છે જેમાં મીણ જેવો પદાર્થ (જેવા કે કેલ્શિયમ, પ્રોટીન) – જે ને પ્લેક તરીકે ઓળખવામાં આવે છે તે કોરોનરી ધમનીઓમાં જમા થાય જે આ ધમનીઓ હદયના સ્નાયુઓને ઓકિસજન યુકત લોહી પહોંચાડે છે.

જયારે ધમનીઓમાં પ્લેક જમા થાય છે, આ અવસ્થાને આ થ્રોસ્કેલેરોસીસ તરીકે ઓળખાય છે. આ પ્લેકને જમા થતા ઘણાંવર્ષો લાગે છે. પ્લેક ધમનીઓની અંદર ભાંગી (તૂટી) પડે છે. જે પ્લેકની સપાટી પર લોહીના ગઠ્ઠો પેદા કરે છે જો આ ગઠ્ઠો પૂરતા પ્રમાણમાં મોટો હોય તો તે ધમનીમાંલોહીના પ્રવાહને સંપૂર્ણ રીતે અવરોધે છે. (બંધ કરી દે છે.)




**હાર્ટ એટેકના લક્ષણો :–**

છાતી, હાથ અને છાતીના હાડકાનાની નીચેના ભાગમાં પ્રેશર, ભારીપણુંઅને દુઃખાવો, કમર, જડબું, ગળુંઅને હાથના સંચાલનમાં અગવડતા ગભરામણ, ઉલટી, તથા ચકકર, ખૂબ જ નબળાઈ, અસ્વસ્થતા અને શ્વાસ લેવામાં તકલીફ, ઝડપી અથવા અનિયમિત ધબકારા, હાર્ટ એટેક આવ્યા બાદ, નુકશાન(બગાડ)ને ઓછુ કરવા માટે બંધ થઈ ગયેલ ધમનીને ખોલવા માટે ઝડપી સારવાર જરૂરી છે. વધારે પડતો સમ હદયને નુકસાન પહોંચાડે છે અને જીવવાની શકયતાઓને ઓછી કરે છે.

**નિદાનઃ** હાર્ટ એટેકના લક્ષણો પારખવા માટેના ટેસ્ટ

**૧) ઈસીજી** (ઈ કે જી અથવા ઈલેકટ્રોકાડીયોગ્રામ તરીકે પણ ઓળખાય):

તમારા હદયના સ્નાયુઓને કેટલું અને કઈ જગયાએ નુકસાન થયેલ છે તે બતાવે છે. વધુમાં હદયના ધબકારા અને હદયની લય મોનીટર થાય છે.

**૨) લોહીની તપાસ :** લોહી દ્વારા હદય સબંધી ઉત્સેચકોનું સ્તર દર્શાવે છે જે હદયના સ્નાયુઓને નુકશાન પહોંચાડે છે.

**૩) ઈકોકાર્ડીયોગ્રાફીઃ** આ ઈમેજીંગ ટેસ્ટ છે જે હાર્ટ એટેક સમયે અને ત્યારબાદ હદય કેવી રીતે ધબકે છે અને કયા ભાગમાં સામાન્ય સ્થિતીમાં ધબકતું નથી તે જોવા માટે થાય છે.

**ઉપચારઃ**

લોહીના ગઠ્ઠાને તોડવો અથવા અટકાવવા, પ્લેટલેટને જમા તથા પ્લેક સાથે ચોંટી જતા રોકવા માટે દવાઓ હાર્ટ એટેક ચાલુ થયાના એકથી બે કલાકમા આપવામાં આવે છે હાર્ટ એટેક દરમ્યાન ઉપયોગમાં આવતી દવાઓઃ

**૧)એસ્પરીન :** લોહીના ગઠ્ઠા જામી જતા રોકવા માટે

**૨) થ્રોમ્બોલાઈટીક થેરોપી** (કલોટ બસ્ટર) : હદયની ધમનીઓમા લોહીના ગઠ્ઠા ઓગળવા માટે

**૩) એન્જીઓપ્લાસ્ટિ** અથવા સ્ટેન્ટ : સાંકળી અથવા બંધ થઈ ગયેલ ધમનીઓને ખોલવા માટે

**૪) બાયપાસ સર્જરી :** હદયના સ્નાયુઓને લોહીના ભ્રમણ માટે પુનઃ સ્થાપિત કરવા માટે

**<u>હાર્ટ એટેક બાદની સાવધાનીઓ :</u>**

**૧) દવાઓ લેવી :** કોલેસ્ટ્રેરોલ ઘટાડી ભવિષ્યમાં લોહીના ગઠ્ઠા અને પ્લેક બનતા રોકવા માટે

**૨) રહેણી કરણીમાં ફેરફાર :** જેમકે ધ્રુમપાન છોડવું, લોહીમાં કોલેસ્ટ્રોલ ઓછુંકરવુ ડાયાબીટીશ અને લોહીનું દબાણ (પ્રેશર) કંટ્રોલ કરવું

**૩) નિયમિત હદયની ચકાસણીઃ** રીકવરીની પ્રગતિ જાણવા માટે

## વિજ્ઞાન ક્વિઝ

૧. રાત્રી આકાશમાંસૌથી તેજસ્વી તારો કયો છે ?
   ૧) સવારનો તારો (૨) વ્યાધ (૩) ધ્રુવ તારો (૪) ઉત્તર તારો

૨. દિવસ દરમ્યાન નરી આંખે કયો અવકાશી પદાર્થ જેઈ શકાય ?
   (૧) સૂર્ય , ચંદ્ર અને ગુરૂ (૨) સૂય ચંદ્ર અને શનિ (૩) સૂર્ય, ચંદ્ર અને મંગળ (૪) સૂર્ય,ચંદ્ર અને શુક્ર

૩. જયારે પૂનમ હોય ત્યારે
   (૧) ચંદ્ર સૂર્ય સાથે જ આથમે (૨) ચંદ્ર સૂર્ય ની સાથે જ ઊગે (૩) ઊપરનાં પૈકી ૨) અને ૩) બંને

૪. આકાશગંગા કેટલા પ્રકાશ વર્ષ સુધી ફેલાયેલી છે ?
   (૧) ૧,૦૦૦ (૨) ૧૦,૦૦૦ (૩) ૧,૦૦,૦૦૦ (૪) ૧૦,૦૦,૦૦૦

૫. નીચેના પૈકી કયો ગ્રહ સૌથી ઓછી ઘનતા ધરાવે છે ?
   (૧) બુધ (૨) શુક્ર (૩) શનિ (૪) મંગળ

૬. ધુમકેતુ ની પૂછડી સૂર્ય થી હમેંશા વિરુધ્ધ શેના કારણે હોય છે ?
   (૧) સૂર્ય પવનો (૨) હવા દબાણ (૩) કેન્દ્રગામી બળ (૪) ગુરુત્વાકર્ષણ

## સાયન્સ સૅન્ટર સુરત ખાતેની પ્રવૃત્તિઓ :

### ગણેશ પ્રદર્શન



સાયન્સ સેન્ટર ખાતે આવેલ કીડસ સ્પેસમાં ગણેશ ચતુર્થી નિમિત્તે ૧૫થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૫ દરમ્યાન ગણેશજીની વિવિધ મુદ્રામાંઅને જુદાજુદા માધ્યમોમાંથી બનેલી કલાત્મક મૂર્તીઓ, પેઈન્ટીંગ્સ અને ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રદર્શનમાં ગણેશજીના જન્મની કથા, ધાર્મિક મહત્વ, ગુજરાત તેમજ દેશ–વિદેશમાં ઉજવાતા ગણેશોત્સવની માહિતી, ગણપતિના વિવિધ સ્વરૂપ તેમજ ગણેશ વિસર્જનની મહત્વતા દર્શાવવામાં આવી હતા. સદર પ્રદર્શનમાં આર્કીટેકટશ્રી સંજયભાઈ જોશીના અંગત સંગ્રહની વિવિધ કલાત્મક મૂર્તીઓ તેમજ સ.વ.પટેલ મ્યુઝિયમની મૂર્તીઓ જેવી કે, માર્બલ, તાંબુ, પિત્તળ, પથ્થર, ફાઈબર, માટી, ચાંદી, લાકડુ, કાચ, શણ, શંખ–છીપ, સ્ફટીક વિગેરે મળી કુલ ૨૨૫ જેટલી મૂર્તીઓ ડીસ્પ્લે કરવામાં આવેલ છે અને વિવિધ મુદ્રાના ગણેશજીના ૨૫૦ જેટલા ફોટોગ્રાફસ પ્રદર્શિત કરવામાં આવેલ હતા.

## સાયન્સ સૅન્ટર

સાયન્સ સેન્ટરના ભોંયતળીયે ૩ડી થિયેટર તેમજ સોવેનીયર શોપ આવેલ છે. જ્યારે પ્રથમ માળ પર ફન સાયન્સ ગેલેરી, પ્લેનેટેરીયમ તેમજ કીડ સ્પેસ આવેલ છે. મધ્યસ્થ સ્તર પર ઑડીટોરીયમ તેમજ બીજા માળ પર ડાયમંડ ગેલેરી આવેલ છે, જ્યારે એન્ટરીંગ ઈન ટુ સ્પેસ ગેલેરી, ટેક્ષટાઈલ ગેલેરી, પાવર ઓફ પ્લે ગેલેરી, કોસમોસ ગેલેરી તથા પોલર સાયન્સ ગેલેરીની કામગીરી ટુંક સમયમાં શરૂ થનાર છે.

| ૩ડી શો | મંગળવાર થી શુક્રવાર નો સમય | શનિવાર, રવિવાર અને જાહેર રજાનાં દિવસો |
|---|---|---|
| અંગ્રેજી શો | ૦૯:૧૫, ૧૧:૨૦, ૧૨:૦૦, ૦૨:૪૦, ૦૪:૦૦ | ૦૯:૧૫, ૧૧:૨૦, ૧૨:૦૦, ૦૨:૪૦, ૦૪:૦૦ |
| હિન્દી શો | ૧૦:૦૦, ૧૦:૪૦, ૧૨:૪૦, ૦૧:૨૦, ૦૨:૦૦, ૦૩:૨૦ | ૧૦:૦૦, ૧૦:૪૦, ૧૨:૪૦, ૦૧:૨૦, ૦૨:૦૦, ૦૩:૨૦, ૦૪:૪૦, ૦૫:૨૦, ૦૬:૦૦ |

| | |
|---|---|
| **સાયન્સ સેન્ટર + પ્લેનેટેરીયમ + મ્યુઝિયમ + ડાયમંડ ગેલેરી** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૧૦૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૬૫ |
| **સાયન્સ સેન્ટર + મ્યુઝિયમ + ડાયમંડ ગેલેરી** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૬૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |
| **સાયન્સ સેન્ટર +પ્લેનેટેરીયમ +મુઝિયમ +ડાયમંડ ગેલેરી +૩ડી શો** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૧૨૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૮૦ |
| **પ્લેનેટેરીયમ** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૫૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |
| **૩ ડી શો** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૬૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |

| **પ્લેનેટેરીયમ** | | | |
|---|---|---|---|
| **મંગળવાર થી શુક્રવાર** | | **શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો** | |
| ૦૯:૩૦ થી ૧૦:૨૦ | અંગ્રેજી | ૦૯:૩૦ થી ૧૦:૨૦ | અંગ્રેજી |
| ૧૦:૩૦ થી ૧૧:૨૦ | ગુજરાતી | ૧૦:૩૦ થી ૧૧:૨૦ | ગુજરાતી |
| ૧૧:૩૦ થી ૧૨:૨૦ | ગુજરાતી | ૧૧:૩૦ થી ૧૨:૨૦ | ગુજરાતી |
| ૧૨:૩૦ થી ૦૧:૨૦ | અંગ્રેજી | ૧૨:૩૦ થી ૦૧:૨૦ | અંગ્રેજી |
| ૦૧:૩૦ થી ૦૨:૨૦ | હિન્દી | ૦૧:૩૦ થી ૦૨:૨૦ | હિન્દી |
| ૦૨:૩૦ થી ૦૩:૨૦ | હિન્દી | ૦૨:૩૦ થી ૦૩:૨૦ | હિન્દી |
| ૦૩:૩૦ થી ૦૪:૨૦ | ગુજરાતી | ૦૩:૩૦ થી ૦૪:૨૦ | ગુજરાતી |
| | | ૦૪:૩૦ થી ૦૫:૨૦ | અંગ્રેજી |
| | | ૦૫:૩૦ થી ૦૬:૨૦ | ગુજરાતી |